# BUSINESS મિત્ર

### સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં નફાવસુલી જોવા મળી

# સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં, રોકાણકારોના રૂ. 1.60 લાખ કરોડ ઘટ્યા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 7:** ભારતીય શેરબજારમાં સપ્તાહના અંતિમ દિવસે નફાવસુલીનું દબાણ જોવા મળ્યું હતું. છેલ્લા બે ટ્રેડિંગ સેશનથી શેરબજારમાં સુધારા સાથે રહ્યા બાદ આજે સેન્સેક્સ-નિફ્ટીમાં લાલ નિશાનમાં રહ્યા હતા. જેમાં નિફ્ટી 24600 પોઈન્ટની સપાટી તોડીને નરમ બંધ રહ્યા હતા. રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.60 લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 495 લાખ કરોડ પરથી ઘટીને રૂ. 493 લાખ કરોડ પર પહોંચી ગઇ છે. આમ, રોકાણકારોને રૂ. 1.60 લાખ કરોડનું નુકશાન થયું છે.

હેવીવેઈટ ફાઈનાન્સીયલ શેરોએ દબાણ લાવ્યા હતા, જ્યારે આઈટી અને રિલાયન્સે શેરબજારને ઘટાડાને અટકાવવાનો પ્રયાસ કરાયો છે. જેમાં ફાઈનાન્સીયલ સર્વિસીસ, પ્રાઈવેટ બેન્ક અને કન્ઝયુમર ડયુરેબલ્સના શેરોમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે ઓટો, આઈટી અને પીએસયુ બેન્કોમાં સુધારો થયો હતો.

બીએસઇ સેન્સેક્સ 455.59 પોઈન્ટ એટલે કે 0.59 ટકા ઘટીને 78499.17 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78757 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78377 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 65.35 પોઈન્ટ એટલે કે 0.27 ટકા ઘટીને 24570.65 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24630 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24522 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 317.20 પોઈન્ટ એટલે કે 0.55 ટકા ઘટીને 57746.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે સીમેન્સ એનર્જીમાં 15.11 ગણા, બાટા ઈન્ડિયામાં 8.16 ગણા, પીટીસી ઈન્ડ.માં 7.41 ગણા, ફોર્ટીસ હેલ્થકેરમાં 6.95 ગણા, અને ચોલામાંડલમ ઈન્વેસ્ટમેન્ટમાં 5.8 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટ્રાવેલ ફુડસમાં 41.18 ગણા, સીમેન્સ એનર્જીમાં 15.5 ગણા, ટાટા ઈન્વેસ્ટમેન્ટમાં 11.41 ગણા, ઈઆઈએચ લિ.માં 10.53 ગણા અને ક્રોમ્પ્ટ્રોન ગ્રીવ્ઝમાં 7.18 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં નજીવો સુધારો રહ્યો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.18 ટકા વધ્યો હતો અને બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સ સપાટ રહ્યો હતો. જેની લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઇ ખાતે 2044 શેરો વધ્યા હતા, જ્યારે 2215 શેરો ઘટ્યા હતા અને 201 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી ફાઈનાન્સીયલ સર્વિસીસ ઈન્ડેક્સ 1.48 ટકા ઘટ્યો હતો. જેમાં બજાજ ફાઈનાન્સ, બજાજ ફિનસર્વ, ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ, શ્રીરામ ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, આઈસીઆઈસીઆઈ બેન્ક, જિયો ફાઈનાન્સીયલ સર્વિસીસ, કોટક મહિન્દ્રા બેન્ક, એક્સિસ બેન્ક અને એચડીએફસી લાઈફ ઘટ્યા હતા. વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો આજે પણ પોઝિટિવ ચાલ દર્શાવી રહ્યા છે અને જુનના અંત પછી તેમના સૌથી મજબૂત સાપ્તાહિક લાભને સુરક્ષિત કરવા માટે ટ્રેક પર રહ્યા છે, હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાના ડીલથી ક્રુડ ઓઈલના ભાવને હળવા કરવામાં અને ફુગાવાના દબાણને ઘટાડવામાં મદદ મળશે તેવી આશા પર રોકાણકારોને સેન્ટિમેન્ટમાં સુધારો થતા એશિયન બજારો પણ ઉંચા બંધ રહ્યા હતા. જુલાઈમાં ચીનની નિકાસ અપેક્ષા કરતા વધુ વધી હતી. જોકે, જુનના મજબૂત વિસ્તરણથી ગતિ મધ્યમ થઇ હતી, જે વૈશ્વિક માગને ટેકો આપે છે.

### રૂપિયો નજીવો સુધર્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 7:** કરન્સી બજારમાં રૂપિયામાં નજીવો સુધારો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 3 પૈસા સુધરીને 95.20ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.23ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.43, પાઉન્ડ 128.66, કેનેડિયન ડોલર 68.00, ઓસ્ટ્રેલિયન ડોલર 66.64, જાપાનીઝ યેન 0.6013 અને સીંગાપોર ડોલર 74.38ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.20 રૂ. |
| યુરો | 109.43 રૂ. |
| પાઉન્ડ | 128.66 રૂ. |
| યેન | 0.6014 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -455.59 | 78499.17 |
| નિફ્ટી | -65.35 | 24570.65 |
| બેન્ક નિફ્ટી | -317.20 | 57746.45 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 3.36 | 2452.70 |
| ગ્રાસીમ ઇન્ડ. | 3.20 | 3323.00 |
| હિન્દાલ્કો | 3.17 | 1059.60 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.82 | 3502.00 |
| એચસીએલ ટેકનો | 1.62 | 1356.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 5.84 | 1078.00 |
| બજાજ ફિનસર્વ | 3.70 | 2008.90 |
| ટ્રેન્ટ | 3.54 | 2997.00 |
| ICICI બેન્ક | 2.50 | 1421.00 |
| જિયો ફાઇનાન્સીયલ | 2.39 | 256.80 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 3.53 | 2453.70 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.53 | 3501.40 |
| એસબીઆઇ | 1.03 | 1096.05 |
| ટેક મહિન્દ્રા | 0.91 | 1649.90 |
| ભારત ઇલે. | 0.74 | 402.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 5.90 | 1082.00 |
| બજાજ ફિનસર્વ | 4.18 | 2001.90 |
| ICICI બેન્ક | 3.72 | 1422.00 |
| ટ્રેન્ટ | 3.54 | 3000.00 |
| એક્સીસ બેન્ક | 1.20 | 1238.00 |

# HUF બક્ષિસ આપી શકે?

**ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ**



ગત અંકમાં આપણે જોયું કે કલમ - 10(2)માં HUF પોતાની આવકમાંથી સભ્યોને વહેંચી આપે અથવા બક્ષિસ આપે તો સભ્યોના હાથમાં આવી રકમ કરમુક્ત છે. પરંતુ કલમ-56(2)(X)માં HUFને સભ્યો તરફથી બક્ષિસ મળે તો HUFના હાથમાં સંપૂર્ણ કરમુક્ત છે. આ પ્રાવધાન 1-10-2009થી અમલમાં આવ્યુ જેણે નવેસરથી વિવાદ જગાવવાનું કામ કર્યુ. આ પ્રાવધાન મુજબ એવો ખૂલાસો થયો કે સભ્યો માટે HUF સંબંધીની વ્યાપવામાં પડતું હોય સભ્યો દ્વારા પોતાના HUFને બક્ષિસ આપી શકાય પરંતુ કલમ-64(2)ની કલબીંગની જોગવાઈ પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે, કે જે મુજબ HUF આવી બક્ષિસની આવક કોઈ રોકાણમાં રોકે તો એમાંથી ઉપજતી આવક HUFના હાથમાં નહિ પરંતુ તે સભ્યના હાથમાં કરપાત્ર થશે.

**કલમ-56 (2)(X)**

આ જોગવાઈ મુજબ સગા સંબંધી સિવાયના પાસેથી મળેલ રૂા. 50,000થી વધુની બક્ષિસ લેનારના હાથમાં કરપાત્ર છે. 1-10-2009થી ઉપરોક્ત પ્રાવધાનનો ઉમેરો થતાં વિવાહ વધુ વકર્યો કે. HUF સભ્યને બક્ષિસ આપે તો કલમ-10(2) મુજબ કરમુક્ત છે. જ્યારે કલમ- 56(2)(x)માં અપવાદમાં આનો ઉલ્લેખ નથી એ સંજોગોમાં સગાસંબંધીની વ્યાખ્યાનો લાભ HUF કે જે સભ્યોનું ગૃપ છે એને મળે?

સામાન્ય રીતે HUF સભ્યને લગ્ન પ્રસંગે, તબીબી સારવાર કે સામાજીક કારણસર વ્યાજબી બક્ષિસ તમામ સભ્યોની ઈચ્છાતી આપી શકે છે. જ્યારે ઈન્કમટેક્ષ ખાતાનું એવું મંતવ્ય છે કે HUF સભ્યને બક્ષિસ આપે એનો પ્રાવધાનમાં ખાસ ઉલ્લેખ નથી તેથી સભ્યોની મળેલ બક્ષિસ ઉપર ટેક્ષ ભરી દેવો જોઈએ.

**અમદાવાદ / રાજકોટ બેંચના વિરોધી ચૂકાદાઓ**

રાજકોટની બેંચે વિનીતકુમાર રાઘવજીકુમાર ભાલોડિયાના કેઈસમાં એવું કરાવ્યુ કે હિન્દુ લો મુજબ HUFએ સગા સંબંધી છે તે રીતે આ સભ્યોનું બનેલું ગૃપ સગાંસબંધી જ ગણાય તેથી હવે આ ચૂકાદો તા-17-05-2011ના રોજ જાહેર થયો પરંતુ ફાયનાન્સ એક્ટ 2012 અન્વયે પાછલી તારીખ એટલે કે 1-10-2009 થી ઉપર જણાવ્યુ ઓ પ્રાવધાન અમલી બન્યુ, એ દ્વારા ઈન્કમટેક્ષ વિભાગ એમ કહી રહ્યું છે કે HUF સભ્યોને બક્ષિસ આપી શકે નહિ. જો કે કલમ-10(2)માં આ અંગે પ્રતિબંધ નથી. અમદાવાદની ટ્રીબ્યુનલ બેંચે ગ્યાનચંદ એમ. બારડિયાના કેઈસમાં કરદાતા વિરૂધ્ધ ચૂકાદામાં કલમ-10(2) ધ્યાનમાં લીધી નથી. એટલે મારા મંતવ્યે કલમ-56(2)(x) મુજબ ભલે નવું પ્રાવધાન અમલમાં આવ્યું પરંતુ રાજકોટ બેંચનો ચૂકાદો હજુ પણ યોગ્ય લાગે છે.

**HUFને બક્ષિસ**

સભ્યો સિવાય ત્રાહિત વ્યક્તિ દ્વારા HUFને બક્ષિસ આપવામાં આવે તો તે કરાપાત્ર ગણાય છે. પરંતુ યોગ્ય પ્લાનીંગ કરવામાં આવે તો ચોક્કસ પણે આમાં મૂડી ઉપાર્જન થઈ શકે. નવી ટેક્ષ સીસ્ટમમાં 4 લાખ સુધી ટેક્ષ નથી અને ત્યારબાદ પણ 4-8 લાખ વચ્ચે 5% ટેક્ષ છે જે નોમીનલ છે આમ 8 લાખ સુધીની બક્ષિસ ઉપર 2000 ટેક્ષ ભરવાનો થાય છે.

# ફિનિશ્ડ સ્ટીલનો વપરાશ જુલાઈમાં વધીને 14.4 મિલિયન ટન

**આયાત** વધતા ઘરેલુ સ્ટીલના ના ભાવ દબાણ હેઠળ

મુંબઈ, તા. 7: મજબૂત સ્થાનિક માંગને કારણે જુલાઈમાં ભારતનો ફિનિશ્ડ સ્ટીલનો વપરાશ 6.5 ટકા વધીને 14.4 મિલિયન ટન થયો, જે હતો. જોકે, આયાતમાં 9.5 ટકાનો વધારો થતાં સ્થાનિક ભાવ પર દબાણ આવતા સ્થાનિક સ્ટીલ ઉત્પાદકોની નફાકારકતામાં ઘટાડો થઈ રહ્યો છે.

ફિનિશ્ડ સ્ટીલના વપરાશમાં વધારો માળખાગત સુવિધાઓ અને બાંધકામ જેવા ક્ષેત્રોની માંગ મજબૂત સૂચવે છે. દેશ વિદેશી પુરવઠા પર ભારે આધાર રાખે છે, અને તેથી જ જુલાઈમાં ફિનિશ્ડ સ્ટીલની આયાત 9.5% વધી છે. દેશમાંથી સ્ટીલની નિકાસ કરવામાં આવે છે તેના કરતાં વધુ ફિનિશ્ડ સ્ટીલ ખરીદે છે આમ ભારત સ્ટીલનું ચોખ્ખુ આયાતકાર બન્યું છે. આ સ્થતિમાં આયાત વધે છે, ત્યારે તે ઘણીવાર સ્થાનિક સ્ટીલના ભાવ માટે મહત્તમ સીમા બનાવે છે, જે સ્થાનિક ઉત્પાદકોની માંગ સ્વસ્થ હોય ત્યારે પણ તેમના વેચાણ ભાવમાં વધારો કરવાની ક્ષમતાને મર્યાદિત કરે છે. જુલાઈમાં આ ગતિશીલતા દેખાઈ હતી, કારણ કે સ્થાનિક સ્ટીલના ભાવમાં ક્રમિક ઘટાડો જોવા મળ્યો હતો. TMT (10 mm) ભાવ મહિના-દર-મહિને 5.6 ટકા ઘટીને રૂ. 56,698 પ્રતિ ટન થયા, જ્યારે હોટ રોલ્ડ કોઈલના ભાવ 0.4 ટકા ઘટીને રૂ. 69,828 પ્રતિ ટન થયા હતા. સ્ટીલ કંપનીઓ માટે, આ ભાવના વલણો મહત્વપૂર્ણ કારણ કે તે નફાના માર્જિનને સીધી અસર કરે છે.

# એસબીઆઈનો જુન કવાર્ટરમાં નફો 10 ટકા વધ્યો, એનપીએ ઘટ્યો

મુંબઈ, તા. 7: સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનો ચોખ્ખો નફો એપ્રિલ-જુન કવાર્ટરમાં વાર્ષિક ધોરણે 10.2 ટકા વધીને રૂ. 21121.22 કરોડ રૂપિયા થયો છે. એક વર્ષ પહેલા નફો રૂ. 19160.44 કરોડ હતો. ચોખ્ખી વ્યાજ આવક એટલે કે એનઆઆઈ વાર્ષિક ધોરણે 15 ટકા વધીને રૂ. 46993 કરોડ થઈ છે. સ્ટેટ બેન્કે સ્ટોક એકસચેન્જને જણાવ્યું છે કે, જુન 2026 કવાર્ટરમાં તેની કુલ આવક વાર્ષિક ધોરણે 6.2 ટકા વધીને રૂ. 143819.15 કોરડ થઈ છે. એક વર્ષ પહેલા તે રૂ. 135341.55 કરોડ હતો. ઓપરેટિંગ પ્રોફિટ જુન 2025 કવાર્ટરમાં રૂ. 30544.47 કરોડ વધીને રૂ. 33529.18 કરોડ થયો છે. જુન 2026 કવાર્ટરમાં એસબીઆઈની એસેટ કવોલિટીમાં વધુ સુધારો થયો છે. ગ્રોસ એનપીએ રેશિયો ઘટીને 1.47 ટકા થયો છે. એક વર્ષ પહેલા તે 1.83 ટકા હતો. ચોખ્ખો એનપીએ રેશિયો જુન 2025 કવાર્ટરમાં 0.47 ટકાથી ઘટીને 0.38 ટકા નોંધાયો હતો. જૂન 2026 કવાર્ટરના અંતે એસબીઆઈની થાપણો 60,05,805.24 કરોડ રૂપિયા હતી. એક વર્ષ પહેલા તે 54,73,253.70 કરોડ રૂપિયા હતી.

# ક્રિસ્ટોફર વુડે એચડીએફસી બેન્ક અને પીબી ફિનટેકને પોર્ટફોલિયોથી દૂર કર્યા

**આ બંને** શેરોના બદલે જેફરીઝે એમસીએક્સ અને લેન્સકાર્ટ સોલ્યુશન્સમાં રોકાણ કર્યુ

મુંબઈ, તા. 7: જેફરીઝના ઈક્વિટી સ્ટ્રેટેજી નિષ્ણાતના જાણીતા વૈશ્વિક વડા ક્રિસ્ટોફર વુડ વધુ સારી રોકાણની તકોને ધ્યાનમાં રાખીને નિયમિતપણે તેમના પોર્ટફોલિયો મોડેલમાં ફેરફાર કરે છે. જેમાં એચડીએફસી બેન્ક અને પીબી ફિનટેકને તેમના ભાર લોંગ મોડેલ પોર્ટફોલિયોમાંથી દુર કરી દીધા છે. આ બંને શેરો હટાવીને એમસીએક્સ અને લેન્સકાર્ટ સોલ્યુશન્સનો સમાવેશ કર્યો છે. ક્રિસ્ટોફર વુડે પોતાના તાજેતરના રિપોર્ટ ગ્રેડ એન્ડ ફિયરમાં જણાવ્યું હતું કે, તેઓ એચડીએફસી બેન્ક અને પોલિસી બજારને તેમના ઈન્ડિયા મોડેલ પોર્ટફોલિયોમાંથી દૂર કરી રહ્યા છે અને તેમની જગ્યાએ એમસીએક્સ અને લેન્સકાર્ટ સોલ્યુશન્સ સાથે બદલી રહ્યા છે. એમસીએક્સ અને લેન્સકાર્ટને ક્રિસ્ટોફર વુડના પોર્ટફોલિયોમાં ચાર ટકાનું વેઈટેજ મળશે, જેનો બેન્ચમાર્ક એમએસસીઆઈ ઈન્ડિયા ઈન્ડેક્સ છે.

વુડે તેના ઈન્ડિયા મોડેલ પોર્ટફોલિયોમાં કેટલાક વધુ ફેરફારો પણ કર્યા છે. તેમણે બજાજ ફાઈનાન્સનો સમાવેશ કરવા માટે આરઈસીને 4 ટકા વેઈટેજ સાથે બદલી નાંખ્યું છે. તેમણે સાશ્વતનું વજન પણ 4 ટકાથી વધારીને 5 ટકા કરી દીધું છે.

# ભારતનો ઘરેલું આર્થિક આધાર મજબૂત, FPI રોકાણમાં વધારાના સંકેતો: જેફરીઝ

**એફઆઇઆઇ** જુલાઇમાં ચોખ્ખા ખરીદદારો બન્યા, 2.45 અબજ ડોલરનું રોકાણ કર્યુ

નવી દિલ્હી, તા. 7: જેફરીઝના ગ્લોબલ હેડ ઓફ ઈક્વિટી સ્ટ્રેટેજીના ક્રિસ્ટોફર વુડે ભારત અંગે પોતાના સકારાત્મક દ્દષ્ટિકોણનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે દેશના મજબૂત આર્થિક ફંડામેન્ટલ્સ, ક્રેડિટ ગ્રોથમાં સુધારો અને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોના વળતરને ટાંકીને તેમના ભારત-કેન્દ્રિત ઈક્વિટી પોર્ટફોલિયોમાં પણ ફેરફાર કર્યા છે. વુડે જણાવ્યું હતું કે વિદેશી રોકાણકારો જુલાઈમાં ભારતીય શેરોના ચોખ્ખા ખરીદદારો બન્યા હતા અને 2.45 અબજ ડોલરનું રોકાણ કર્યું હતું. સુધારેલા મેક્રોઈકોનોમિક સૂચકાંકોને કારણે ભારત હજી પણ ઉભરતા બજારોમાં ઉભું છે. 2026 દરમિયાન બેંક લોન ગ્રોથ વાર્ષિક ધોરણે 17-18 ટકા સુધી વધવાની ધારણા છે, જે એક દાયકાથી વધુ સમયની સૌથી ઝડપી ગતિ છે.

# સોનાના ભાવમાં સતત ચોથા દિવસે વધારો: ચાંદી સ્થિર

**દિલ્હીમાં** સોનુ પ્રતિ દસ ગ્રામ રૂ. ૨૦૦ વધીને રૂ. ૧.૫૪ લાખ પર પહોંચ્યું

નવી દિલ્હી, તા. 7(PTI): વૈશ્વિક બજારોમાં તીવ્ર ઉછાળાને પગલે રાષ્ટ્રીય રાજધાનીમાં શુક્રવારે સોનાનો ભાવ રૂ. 200 વધીને રૂ. 1.54 લાખ પ્રતિ 10 ગ્રામ થયો હતો. નબળા અમેરિકી ડોલર અને ક્રૂડ ઓઈલના ઘટતા ભાવોને કારણે બુલિયનની માંગમાં વધારો જોવા મળ્યો છે.

સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, સતત ચોથા સત્રમાં વધારો નોંધાવતા, 99.9 ટકા શુદ્ધતા ધરાવતી આ કિંમતી ધાતુ રૂ. 200 વધીને રૂ. 1,54,000 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) પર પહોંચી ગઈ છે, જે ગુરુવારે રૂ. 1,53,800 પ્રતિ 10 ગ્રામ પર બંધ થઈ હતી.

જો કે, અગાઉના સત્રમાં તીવ્ર ઉછાળો જોયા બાદ, શનિવારે ચાંદીનો ભાવ રૂ. 2,34,800 પ્રતિ કિલોગ્રામ પર સ્થિર રહ્યો હતો, તેમ સ્થાનિક વેપારીઓએ જણાવ્યું હતું.

લેમન માર્કેટ્સ ડેસ્કના રિસર્ચ હેડ ગૌરવ ગર્ગે જણાવ્યું હતું કે, સોનાએ સતત ચોથા સત્રમાં તેનો સમાન વધારો જાળવી રાખ્યો છે, અને કિંમતી ધાતુ જાન્યુઆરી પછીના તેના સૌથી મજબૂત સાપ્તાહિક પ્રદર્શન તરફ આગળ વધી રહી છે. તેમણે આ તેજી પાછળ નબળો ડોલર, ફુગાવાની ઘટતી અપેક્ષાઓ અને અમેરિકી નોન-ફાર્મ પેરોલ અહેવાલ પહેલા બુલિયનની સતત માંગને જવાબદાર ગણાવી હતી, જે ફેડરલ રિઝર્વના આગામી નીતિવિષયક નિર્ણયને અસર કરી શકે છે.

## શિપરોકેટ લિ.નો IPO

શિપરોકેટ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 12 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે. પ્રતિ શેર રૂ. 10ની ફેસ વેલ્યૂ ધરાવતા કુલ રૂ. 16,174.85 મિલિયન સુધીના ઇક્વિટી શેરની આ ઓફરમાં રૂ. 8,855.00 મિલિયન સુધીના મૂલ્યના ઇક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂ તથા રૂ. 7,319.85 સુધીના મૂલ્યના ઇક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.આઈપીઓ શુક્રવાર, 14 ઓગસ્ટ, 2026ના રોજ બંધ થશે.

## ધૂત ટ્રાન્સમિશન લિ.નો IPO

ધૂત ટ્રાન્સમિશન લિમિટેડનો આઈપીઓ સોમવાર, 10 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે. આ ઓફર માટે રૂ. 2ની ફેસ વેલ્યૂ ધરાવતા દરેક ઇક્વિટી શેરનો પ્રાઇસ બેન્ડ રૂ. 829થી રૂ. 871 નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા 17 ઇક્વિટી શેર માટે અને ત્યારબાદ 17 શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. ફ્લોર પ્રાઇસ આઈપીઓ 12 ઓગસ્ટ, 2026ના રોજ બંધ થશે.

## મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિ.નો IPO

મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિમિટેડના ઇક્વિટી શેર્સનો આઈપીઓ મંગળવાર, 11 ઓગસ્ટ 2026ના રોજ ખુલશે. રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઇક્વિટી શેર માટે પ્રાઇસ બેન્ડ રૂ. 133થી રૂ. 140 નક્કી કરવામાં આવ્યો છે. ઓછામાં ઓછા 107 ઇક્વિટી શેર અને ત્યારબાદ તેના 107 શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે. આઈપીઓ ગુરુવાર, 13 ઓગસ્ટ 2026ના રોજ બંધ થશે.

# ફ્યુચર અને ઓપ્શન્સના કુલ કોન્ટ્રાક્ટ વોલ્યુમમાં 51 ટકાનો ઘટાડો

**રૂ. 13,321** કરોડથી ઘટીને રૂ. 6,460 કરોડના કોન્ટ્રાક્ટ : સેબી

મુંબઈ, તા. 7 : ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ફ્યુચર અને ઓપ્શન્સના ટ્રેડિંગના કુલ કોન્ટ્રાક્ટ વોલ્યુમમાં 51 ટકાનો ઘટાડો થયો છે. વધુ પડતા રિટેલ સટ્ટાને રોકવા માટે બજાર નિયમનકાર સેબીએ નિયમો કડક કર્યા પછી નાણાકીય વર્ષ 26 માં ભારતમાં ઓપ્શન્સ ટ્રેડિંગ વોલ્યુમમાં તીવ્ર ઘટાડો થયો હોવાનું સેબીના વાર્ષિક અહેવાલ 2025-26 માં જણાવવામાં આવ્યું છે.

અહેવાલમાં જણાવ્યા અનુસાર, એનએસસી અને બીએસસીમાં નાણાકીય વર્ષ 2025માં કુલ રૂ. 13,321 કરોડના કોન્ટ્રાક્ટ થયા હતા જે ઘટીને નાણાકીય વર્ષ 2026માં રૂ. 6460 કરોડ થયા છે. જે 51.5 ટકા નો ઘટાડો સૂચવે છે.

ઈન્ડેક્ડ ફ્યુચર્સના વોલ્યુમમાં પણ ઘટાડો જોવાયો હતો. નાણાકીય વર્ષ 2025માં રૂ. 88 લાખ કરોડના વોલ્યુમ સામે નાણાકીય વર્ષ 2026માં વોલ્યુમ ઘટીને રૂ. 73 લાખ કરોડ થયું હતું. જે 17 ટકાનો ઘટાડો દર્શાવે છે.


**TORRENT POWER**

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૧૦/૦૮/૨૦૨૬, સોમવાર : રાજહંસ ઈમ્પેરિયા (રિંગ રોડ), એસએમસી સ્વિમિંગ પૂલ, રૂસ્તમપુરા, સુપર કમ્પાઉન્ડ ઈન્ડ.-T૨
- ૧૧/૦૮/૨૦૨૬, મંગળવાર : શ્રી લક્ષ્મી (સગરામપુરા), મહાવીર હોસ્પિટલ (સગરામપુરા), ઝેની (નાનપુરા), કે.જી. જીઆઈડીસી ઈન્ડ.૬/૨
- ૧૨/૦૮/૨૦૨૬, બુધવાર : લેક વ્યૂ (નવસારી બજાર), સત્યા સાંઈ (સગરામપુરા), ફૂલવાલા નં.૨ (હરિઓમ ઈન્ડ.)
- ૧૩/૦૮/૨૦૨૬, ગુરુવાર : પ્રાણનાથ (વેડ રોડ), પ્રાણનાથ હોસ્પિટલ (વેડ રોડ), ઓમ નમઃ શિવાય - વસ્તાદેવડી
- ૧૪/૦૮/૨૦૨૬, શુક્રવાર : સરદાર પેલેસ (પી.કે. રોડ), કે.જી. જીઆઈડીસી ઈન્ડ.૫/૬

**અસુવિધા બદલ દિલગીર છીએ**

**વીજ સ્થાપનમાં ELCB/RCCB લગાડવાથી વીજ અકસ્માત નિવારી શકાય.**

WhatsApp 8141970070

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912

પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect


### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૪૦૦ |
| તેજાબી સોનું | ૧૫૫૩૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૬૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૨૨૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૪૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૮૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૦૨૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૧૦૦ |
| એસ-૩૦ | ૫૦૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |


**DGVCL — દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

CIN U40102GJ2003SGC042909

રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'

નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**ખેતી વિષયક ફિડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે હલદરવા વિભાગીય કચેરી હેઠળના આવતા ૬૬ કેવી બોરી સબ-સ્ટેશનથી નીકળતા નીચે જણાવેલ ખેતીવાડી ફિડરોનો રોજનો ચાલુ અને બંધ થવાના સમયમાં ૦૯.૦૮.૨૦૨૬ (રવિવાર) થી ખેતીવાડી ગ્રુપ સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી છે.

| અ. નં. | સબ-સ્ટેશનનું નામ | ખેતીવાડી ફિડરનું નામ | ખેતીવાડી ગ્રુપ | હાલનો ગ્રુપ સમય | હવે પછીનો ગ્રુપ સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી બોરી સબ-સ્ટેશન | ૧૧ કેવી દાંડી એજી ફિડર | DB2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | ૦૭:૦૦ થી ૧૫:૦૦ કલાક |

સદર ગ્રુપ પ્રમાણે વીજ પુરવઠાના સમયનો અમલ તારીખ ૦૯.૦૮.૨૦૨૬ થી ૦૦:૦૦ કલાક થી કરવામાં આવશે. ઉપર જણાવેલ ગ્રુપ પ્રમાણે ખેતી વિષયક ફીડરોની વિગત જે તે વર્તુળ /વિભાગીય /પેટા વિભાગીય કચેરીઓના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે .જેની ખેતીવાડી વીજવપરાશ કરતાં ગ્રાહકોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

વિશેષ મુખ્ય ઈજનેર (સી.એન્ડ આર.), દ.ગુ.વી.કં.લિ., સુરત

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી નો ઉપયોગ કરો અને વીજ અકસ્માતો ટાળો



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** — IDFC FIRST Bank

(પૂર્વે કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ)

CIN : L65110TN2012PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031. ટેલ.: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

**પરિશિષ્ટ IV [નિયમ 8(1)]**

**કબજા અંગેની નોટિસ (અચલ મિલકત માટે)**

હું નીચે સહી કરનાર, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (પૂર્વે કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ)ના અધિકૃત અધિકારી તરીકે, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચવામાં આવતી કલમ 13(12) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તારીખ 23-04-2026ની ડિમાન્ડ નોટિસ દ્વારા ઉધાર લેનાર, સહ-ઉધાર લેનાર અને જામીનદારો: 1. કિશોરભાઈ મનુભાઈ કડવાણી, 2. કડવાણી લિલાબેન કિશોરભાઈને નોટિસમાં દર્શાવેલી રૂ. 17,52,090.34/- (રૂપિયા સત્તર લાખ બાવન હજાર નેવું અને ચોત્રીસ પૈસા માત્ર) ની રકમ 21-04-2026ના રોજ મુજબ, ઉક્ત નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવવા જણાવ્યું હતું.

ઉધાર લેનારોએ રકમ ચૂકવવામાં નિષ્ફળતા દાખવી હોવાથી, આથી ઉધાર લેનાર તથા સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકારીએ ઉપરોક્ત અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વાંચવામાં આવતી કલમ હેઠળ, નીચે વર્ણવેલ મિલકતનો 06 ઓગસ્ટ 2026ના રોજ કબજો લીધો છે.

ઉધાર લેનાર તથા સામાન્ય જનતાને ખાસ કરીને ચેતવણી આપવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે. મિલકત સાથે કરવામાં આવતા કોઈપણ વ્યવહારો આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (પૂર્વે કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ)ના રૂ. 17,52,090.34/- (રૂપિયા સત્તર લાખ બાવન હજાર નેવું અને ચોત્રીસ પૈસા માત્ર) તથા તેના ઉપરના વ્યાજના ચાર્જને આધીન રહેશે.

ઉધાર લેનારનું ધ્યાન અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે, જેમાં સુરક્ષિત સંપત્તિ પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયગાળાની જોગવાઈ કરવામાં આવી છે.

**અચલ મિલકતની વિગતો**

પરસ્પર જોડાયેલી જમીન સાથેની G/2 દુકાન નંબર ધરાવતી મિલકત, ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી છે, જેનું કાર્પેટ ક્ષેત્રફળ 10.87 ચો.મી. અને બિલ્ટ-અપ ક્ષેત્રફળ 13.04 ચો.મી. છે. આ મિલકત વિમલનાથ આર્કેડ, પારસ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. ખાતે આવેલી છે. રેવેન્યુ સર્વે નંબર: 463 અને 464, ટી.પી. સ્કીમ નંબર: 3, ફાઇનલ પ્લોટ નંબર: 44, 442, પી.કે. પ્લોટ નંબર: B-13-B અને B-14-A, મોજે ગામ: કતારગામ, શહેર: સુરત, જિલ્લો: સુરત, ગુજરાત - 395004. મિલકતની હદ પૂર્વ: પેસેજ, પશ્ચિમ: બાજુની દુકાન, ઉત્તર: દુકાન નં. 3, દક્ષિણ: દુકાન નં. 5

તારીખ: 06-08-2026
સ્થળ: ગુજરાત
લોન એકાઉન્ટ નંબર: 139862405

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(પૂર્વે કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ)



**આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.** — IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)

સીઆઈએન: L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.

ટેલિફોન: 91-44-45644000, ફેક્સ: 91-44-45644022

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ**

નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરે મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાયું છે . તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | લેણદારો અને સહ-લેણદારોના નામ | સેકશન 13 (2) નોટિસની તારીખ | સેકશન 13 (2) નોટિસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 157762193 | મિલકતની સામે ઋણ | 1. સોલંકી રોહીત ભાઈ 2. સોલંકી જયશ્રીબેન | 31-Jul-2026 | INR 13,37,576.45/- |

મિલકતનું સરનામું: મિલકતના તમામ ભાગ, , ફ્લેટ નં. 104, પ્રથમ માળ, ક્ષેત્રફળ 787.5 ચોરસ ફીટ, 73.18 ચોરસ મીટર, તેની સાથે મારૂતિ નગરના મારૂતિ નગર એપાર્ટમેન્ટની જમીનમાં અવિભાજીત ભાગ, જે સ્થિત ચે બ્લોક નં. 421, સર્વે નં. 451, 452, પૈકી પ્લોટ નં. 1થી 7 પૈકી પાર્ટ-2, પૈકી પ્રાઈવેટ પ્લોટ નં. 19, 20, 21, 22, અને 23, અને 35, 36, 37, 38, 39, પૈકી પ્લોટ નંચ 20 અને 21, મોજે ગામઃ ખોલવાડ, તાલુકાઃ કામરેજ, જિલ્લોઃ સુરત, ગુજરાત-394185. સીમાઓઃ પૂર્વઃ વર્જલાલ હરીભાઈનો ફ્લેટ, પશ્ચિમઃ ગાયત્રી નગર સોસાયટી, ઉત્તરઃ 7 ફીટ માર્જીન, દક્ષિણઃ ગોવિંદભાઈ ખીમજીભાઈનો ફ્લેટ.

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ રકમ સાથે કરાર મુજબના વ્યાજ દર અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) ચૂકવવાનું કહેવામાં આવે છે. જેમાં નિષ્ફળ જવા પર નીચે સહી કરનારને આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ની (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) બાકી રકમની વસૂલાત કરવા માટે ઉપરોક્ત ગીરે મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં તમારા પર ઉપરોક્ત કાયદાની કલમ 13 (13) હેઠળ આ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/લીઝ દ્વારા અથવા અન્યથા હસ્તાંતરિત કરવા પર પ્રતિબંધ છે.

તારીખઃ 8-8-2026
સ્થળઃ સુરત

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)